# પ્રભુદર્શનથી અંતર અમ ઉલસી રહ્યાં

(રાગ : આવો ! આવો ! સીમંધર જિનરાજજી રે !)

આવો ! પધારો ! ભાવીના જિનરાજજી રે ! (૨)
પ્રભુદર્શનથી અંતર અમ ઉલસી રહ્યાં.

પૂજો ! પૂજો ! ભાવીના ભગવંતને રે ! (૨)
મણિરત્ને વધાવો જિનવરદેવને.

જિનજી મારા ભાવીના ભગવંત છે રે ! (૨)
વિશ્વદિવાકર તારણહારા દેવ છે....આવો૦

શિવસુખદાયક મંગળકારી દેવ છો રે ! (૨)
પ્રભુચરણોથી મંગળતા પ્રસરી રહી.

ભાવીના ભગવંત પધાર્યા આંગણે રે ! (૨)
ઇન્દ્ર-નરેન્દ્રો જિનચરણો પૂજી રહ્યા;
—જિનવરગીતો સુરલોકે ગાજી રહ્યાં....આવો૦

જિનજી મારા, દિવ્ય ધ્વનિ વરસાવજો રે ! (૨)
અમ સેવકનાં અંતરિયાં તલસી રહ્યાં.

પ્રભુજી મારા, અનંત ગુણે બિરાજતા રે ! (૨)
આનંદ પૂરણ, જ્ઞાન પૂરણ ઊછળી રહ્યાં....આવો૦

જિનજી મારા, કૃતકૃત્ય પરમેશ્વરા રે ! (૨)
પૂર્ણ પ્રભુતા, ઉપશમરસ વરસી રહ્યાં.

જિનજી મારા, રત્નચિંતામણિ દેવ છો રે ! (૨)
કલ્પતરુ મનવાંછિત ફળદાતાર છો....આવો૦

અગણિત નેત્રે નિરખું જિનવરદેવને રે ! (૨)
અગણિત અગણિત સ્તવન કરું જિનદેવનાં.

અગણિત દ્રવ્યે પૂજન કરું જિનરાજનાં રે ! (૨)
તૃપ્તિ ન થાયે, ઉર અનહદ ઉલસી રહ્યાં....આવો૦

અનંત ગુણના નાથ પધાર્યા મંદિરે રે ! (૨)
અનંત મહિમાવંત પ્રભુ અમ આંગણે.

અનંત કાળે જિનદર્શન બહુ દોહ્યલાં રે ! (૨)
મહાભાગ્યેથી પ્રભુજી પધાર્યા આંગણે....આવો૦

સ્વર્ણપુરે સીમંધરનાથ બિરાજતા રે ! (૨)
આજે મંગલ પગલાં ભાવિ જિણંદનાં;

—આજ થયાં પાદાર્પણ જિનવરવૃંદનાં;
—પ્રભુકૃપામૃતમેઘ અહો ! વરસી રહ્યા....આવો૦

ગુરુવચનામૃત-રત્ન જડયાં મુજ મંદિરે રે ! (૨)
જેના તેજે દર્શન જ્ઞાયકદેવનાં;

ગુરુજી મારા! સ્વર્ણપુરે પધારજો રે! (૨)
દર્શન દેજો, ચૈતન્યરસ વરસાવજો.

આવો! પધારો! ભાવીના જિનરાજજી રે! (૨)
જિનવરવૃંદ પધારો મારે આંગણે;
—નિત્ય બિરાજો દેવ-ગુરુ મનમંદિરે...આવો૦

# 4

हे प्रभो चरणों में तेरे आ गये ।
भावना अपनी का फल हम पा गये ।।टेक ।।

वीतरागी हो तुम्हीं सर्वज्ञ हो ।
सप्त तत्त्वों के तुम्हीं मर्मज्ञ हो ।
मुक्ति का मारग तुम्हीं से पा गये ।।1 ।।

विश्व सारा है झलकता ज्ञान में ।
किन्तु प्रभुवर लीन हैं निज ध्यान में ।
ध्यान में निज ज्ञान को हम पा गये ।।2 ।।

तुमने बतलाया जगत को आत्मा ।
द्रव्य दृष्टि से सदा परमात्मा ।
आज निज परमात्मा पद पा गये ।।3 ।।

# जिन-भक्ति

कैसी सुन्दर जिनप्रतिमा है, कैसा सुन्दर जिनरूप।
जिसे देखते सहज दीखता, सबसे सुन्दर आत्मस्वरूप॥ टेक॥

नग्न दिगम्बर नहीं आडम्बर, स्वाभाविक है शांत स्वरूप।
नहीं आयुध नहीं वस्त्राभूषण नहीं संग नारी दुखरूप॥ कैसी.॥

बिन श्रृंगार सहज ही सोहे, त्रिभुवन माँहीं अतिशय रूप।
कायोत्सर्ग दशा अविकारी, नासादृष्टि आनन्द रूप॥ कैसी.॥

अर्हंत प्रभु की याद दिलाती, दर्शाती अपना प्रभु रूप।
बिन बोले ही प्रगट कर रही, मुक्तिमार्ग अक्षय सुखरूप॥ कैसी.॥

जिसे देखते सहज नशावे, भव-भव के दुष्कर्म विरूप।
भावों में निर्मलता आवे, मानो हुये स्वयं जिनरूप॥ कैसी.॥

महाभाग्य से दर्शन पाया, पाया भेद विज्ञान अनूप।
चरणों में हम शीश नवावें, परिणति होवे साम्यस्वरूप॥ कैसी.॥

# ૐ જય જિનવરદેવા

ૐ જય જિનવરદેવા, પ્રભુ જય જિનવરદેવા,
નિશદિન હેજો હે જગદીશ્વર પદપંકજસેવા....ૐ

દિવ્યાનંદી, દિવ્યપ્રકાશી, દેવી તુજ દેદાર,
રિદ્ધિ-સિદ્ધિ-સુખનિધિના સ્વામી, નિત્ય સુમંગલકાર....ૐ

આજ અમારે આંગણ પધાર્યા જિનવર જયવંતા,
ખંડધાતકી-મહાવિદેહી ભાવી ભગવંતા....ૐ

પૂર્ણગુણે પરિણત પરમેશ્વર, ત્રિલોક-તારણહાર,
આવો પધારો ત્રિભુવનતીરથ ! આતમના આધાર !...ૐ

કૃપા કરો હે જિનવર ! મારા, થાય પૂરાં સૌ કાજ,
સત્વર શિવપદ દો સેવકને, ચરણ પૂજું જિનરાજ !...ૐ